જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૯/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૮૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૪૨૨ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૮૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૮૨/૨૦૨૩

**ઓઢવઃ** કિશનલાલ મહાવિરપ્રસાદ પરેવા (રહે.આયુષ રેસીડેન્સી શ્યામ વન-૪૦ પાસે સી.આઈ.એસ.એફ.કેમ્પ રોડ સિંગરવા ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૯/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી તા.૨૪/૦૯/૨૦૨૩ કલાક ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા લેપટોપ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯,૪૩,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિશ્યન ચલાવે છે.

### સોનાની ચેઈન તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૫૮૩/૨૦૨૩

**ચાંદખેડાઃ** રેણુકાબહેન વા/ઓ અનિલકુમાર પટેલ (ઉ.વ.૪૧) (રહે. શ્રી રંગ પેરેડાઇઝ શ્રી રંગ સીટી ટીપી-૪૪ ચાંદખેડા) તા.૧૬/૦૯/૨૦૨૩ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા એસીયન ગ્લોબલ સ્કુલ રોડ ટી.પી.૪૪ પરમ-૨૨ ફ્લેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેણુકાબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેણુકાબહેન પટેલે તા.૨૫/૦૯/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**નિકોલઃ** હિરાબહેન વા/ઓ હિરાભાઈ જાદવ (ઉ.વ.૬૪) (રહે. વૃંદાવન રેસીડેન્સી વિઠ્ઠલ પ્લાઝા પાછળ નવા નરોડા) તા.૨૪/૦૯/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે નિકોલ રસરાજ જેકપોટ પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી વિન્ટેજ વિલા વચ્ચેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ હિરાબહેન જાદવના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ હિરાબહેન જાદવે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૪/૨૦૨૩**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અનિકેતકુમાર સુનિલકુમારસિંગ સીંગ (ઉ.વ.૧૯) (રહે. રૂષીકેશ પાર્ક બોપલ અમદાવાદ) તા.૨૪/૦૯/૨૦૨૩ કલાક ૪/૨૦ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ મોંટેકક્રીસ્ટો ત્રના રસ્તાથી વકીલ સાહેબ બ્રીજ તરફ એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કિયા સેલ્ટોસ કાર નંબર જીજે ૩૮ બીડી ૨૬૨૮ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા અનિકેતકુમાર સીંગને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર અનિકેતકુમાર સીંગના કાકા અનિલકુમાર સીંગ એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચાલાવે છે.

**રસ્તામાં કુતરૂં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૫/૨૦૨૩**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** શૈલેષભાઈ વાલજીભાઈ પરમાર (ઉ.વ.૩૯) (રહે. ગોપાલકૃષ્ણ કોલોની પ્રકાશ એપાર્ટમેન્ટની બાજુમાં જી.આઈ.ડી.સી.વટવા) તા.૨૩/૦૯/૨૦૨૩ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારે હાથીજણ સર્કલથી રામોલ ચોકડી તરફ જતા મેટ્રીક્સ પ્લાઝા જી.આઈ.ડી.સી. વટવા સામેથી રિક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં કુતરૂં આવી જતા રિક્ષા ઉંધી પડી જતા શૈલેષભાઈ પરમારને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૯/૨૦૨૩ કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર શૈલેષભાઈ પરમારના ભાઈ અશોકભાઈ પરમારે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૬/૨૦૨૩**

**બોડકદેવઃ** માયાદેવી મધુપસિંગ પરમાર (રહે. ભરવાડવાસ ખોડીયારનગર થલતેજ) એ અગમ્ય કરણસર તા.૨૪/૦૯/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સિટીઃ** ગિરીશભાઇ સ/ઓ નટવરભાઇ સોલંકી (ઉ.વ.૨૨) (રહે. મોડાદેવાનોવાસ પાસપોર્ટ ઓફિસ પાસે ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**નારણપુરાઃ** કપીલાબહેન વા/ઓ કનુભાઇ પટેલ (ઉ.વ.૭૧) (રહે. માણેકલાલ કોલોની સુંદરનગર ફ્લેટ પાસે નારણપુરા) એ અગમ્ય કરણસર તા.૨૪/૦૯/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ભોયરમાં ઉતરવાની લોખંડની સીડીના પગથીયા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઇ પ્રભાતભાઇ ચલાવે છે.

**રાણીપઃ** નરેશભાઈ મોડાભાઈ સોલંકી (ઉ.વ.૪૧) (રહે. જુની ધોળકા લાઈનનાં છાપરાં બલોલનગર રાણીપ) એ અગમ્ય કરણસર તા.૨૨/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૯/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિતીનભાઇ મગનભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** ધીરજકુમાર રાજુભાઈ કામલી (ઉ.વ.૩૦) (રહે. કમલેશપાર્ક મહેશ્વરી વિભાગ-૩ સિલ્વર સિટી પાસે ઓઢવ) એ અગમ્ય કરણસર તા.૨૪/૦૯/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુભાષકુમાર પ્રેમજીભાઈ ચલાવે છે.

**દાણીલીમડાઃ** નીતીન સ/ઓ પ્રવિણભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે. ભીમરાવની ચાલી મહાવીર સ્કુલ સામે દાણીલીમડા) એ અગમ્ય કરણસર તા.૨૩/૦૯/૨૦૨૩ સાંજના ૬/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૯/૨૦૨૩ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કલ્પેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી